ક્રમાંક: આઈસીડી/૧૨૨૦૨૦/SCA-૭૧૦/બ-૧
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨/૦૮/૨૦૨૧

પ્રતિ,
નિયામકશ્રી (ICDS),
કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,
૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

વિષય: મુખ્યસેવિકા સંવર્ગમાં કોર્ટકેસના ચુકાદા અંતર્ગત બઢતીનું પ્રથમ ઉચ્ચતર પગારધોરણ મળેલ હોય એવા કિસ્સામાં દ્વિતિય ઉચ્ચતર પગારધોરણ આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, મુખ્યસેવિકા સંવર્ગમાં કોર્ટકેસના ચુકાદા અંતર્ગત વિભાગે નાણા વિભાગની મંજૂરી અન્વયે પ્રથમ ઉચ્ચતર પગારધોરણ બઢતીના પગારધોરણનું (રૂ.૨૦૦૦-૩૫૦૦) મંજૂર કરેલ હોય એવા કિસ્સામાં દ્વિતિય ઉચ્ચતર પગારધોરણ આપવા અંગે કોઈ નિર્ણય થયેલ ન હતો.

આ અંગે વિભાગ દ્વારા નાણા વિભાગ પાસે માર્ગદર્શન માંગતા નાણા વિભાગે અભિપ્રાય આપેલ છે કે, *"અગાઉ નામ.સુપ્રિમ કોર્ટ સમક્ષ દાખલ થયેલ કન્ટેમ્પ્ટ પીટીશનને ધ્યાને લઈ અનુસૂચિને બદલે નિયમો સાથે સુસંગત ન હોય તેવુ બઢતીની જગ્યાનું પગાર ધોરણ પ્રથમ ઉ.પ.ધો. તરીકે મંજૂર કરેલ છે. એટલે કે અન્ય મુખ્યસેવિકાઓ કરતાં વધારાનો લાભ આપવામાં આવેલ છે. હવે પ્રથમ ઉ.પ.ધો.ની તારીખથી ૧૫ વર્ષે દ્વિતિય ઉ.પ.ધો. મંજૂર કરવામાં આવે તો બેવડો લાભ આપવાનો થશે. મુખ્યસેવિકા સંવર્ગને દ્વિતિય ઉ.પ.ધો. મંજૂર કરવા અંગેની નીતિ/નિર્ણયમાં એકસુત્રતા જળવાય તે જરૂરી છે. જેથી પ્રસ્તુત કેસોમાં પણ નાણા વિભાગના તા.03/10/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૨/૪૩૫૩૮૭/મ ને ધ્યાને લઈ દ્વિતિય ઉ.પ.ધો. મંજૂર કરવુ ઉચિત જણાય છે."*

આથી ઉપર દર્શાવેલ કિસ્સાઓમાં દ્વિતિય ઉચ્ચતર પગારધોરણ મંજુર કરવા અંગે નાણા વિભાગ દ્વારા આપેલ માર્ગદર્શન અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

આ અંગે આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૦૫/૦૭/૨૦૨૧ની નોંધથી માર્ગદર્શન મેળવેલ છે.

આપનો વિશ્વાસુ,

(ચૈતન્ય નિમાવત)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ રવાના:

1. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, .........................
3. તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.......................